તા. ૨૪.૦૩.૨૦૨૪

નવગુજરાત સમય , પાના નં. ૦૨

# IPL મેચ માટે મેટ્રો, બીઆરટીએસ અને એએમટીએસની સુવિધા

- **91 બસ જુદા જુદા વિસ્તારમાંથી સ્ટેડિયમ સુધી દોડાવાશે**

**નવગુજરાત સમય > અમદાવાદ**



અમદાવાદ શહેરના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાનારી ટાટા આઈપીએલ મેચ નિહાળવા આવતાં ક્રિકેટ રસિકો માટે મેટ્રો રેલ્વે, એએમટીએસ અને બીઆરટીએસની બસોની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

એએમટીએસનો હવાલો સંભાળતા ડે.કમિશનર આર્જવ શાહે કહ્યું કે, ૨૪મી માર્ચ, ૩૧મી માર્ચ અને ચાર એપ્રિલ એમ ત્રણ દિવસ આઈપીએલ મેચ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. જેમાં હજારો ક્રિકેટ ચાહકો ઉમટી પડવાની શક્યતા છે, તેનાથી ટ્રાફિકજામ સહિતની સમસ્યાથી છુટકારો અપાવવા માટે એએમટીએસની ૯૧ બસ જુદા જુદા વિસ્તારમાંથી સ્ટેડિયમ સુધી દોડાવવામાં આવશે. તેમજ રાત્રિ દરમિયાન પણ સ્ટેડિયમથી વાસણા, સ્ટેડિયમથી મણીનગર, સ્ટેડિયમથી ઓઢવ, સ્ટેડિયમથી નારોલ અને સ્ટેડિયમથી ઉજાલા સર્કલ સુધી બસ દોડાવવામાં આવશે.

આ સિવાય બીઆરટીએસમાં મુસાફરી કરવા માંગતા ક્રિકેટ રસિયાઓ માટ સ્ટેડિયમ નજીકનાં મોટેરા ક્રોસ રોડ તતા સાબરમતી પોલીસ સ્ટેશન એમ બે સ્ટેશન ખાતેથી ઝુંડાલ સર્કલથ એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ સુધી ૨૪ બસ તથા ઝુંડાલ સર્કલથી નારોલ સુધી ૨૧ બસ દોડાવાશે. આ બસો સવારે છ વાગ્યાથી રાતનાં એક વાગ્યા સુધી ચાલુ રહેશે.

જ્યારે મેટ્રો રેલ દ્વારા મોટેરા સ્ટેડિયમથી સવારે ૬.૨૦ વાગ્યાથી રાતનાં ૧૨ વાગ્યા સુધી મેટ્રો દોડાવવાની જાહેરાત કરવામા આવી છે તેમજ સ્પેશિયલ પેપર ટિકિટ બહાર પાડી છે. જેનો દર ૫૦ રૂપિયા રહેશે અને તેનો ઉપયોગ ફક્ત મોટેરા સ્ટેડિયમ તથા સાબરમતી મેટ્રો સ્ટેશનથી અન્ય મેટ્રો સ્ટેશન સુધી જવા થઈ શકશે. આ સિવાયનાં કાર્ડ સાથેની એન્ટ્રી રાતે ૧૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે.